પોરબંદરથી પ્રસિધ્ધ....

દ્વારકાથી દીવ દરિયાઇ પટ્ટીનું એક માત્ર સાંધ્ય દૈનિક

# ખબર જગત

સત્યં મમ આયુઘમ્ અસ્તિ ।

જયેશ વી. જોષી
તંત્રી-માલિક
મુદ્રક-પ્રકાશક

તા.૧૪-૦૯-૨૦૨૩, ગુરૂવાર

'ખબર જગત' સાથે જોડાવા માટે નંબર 85112 11284 પર Hi લખી મોકલો

RNI No : GUJGUJ/2021/80622 ખબર મીડિયા હાઉસ, હરેક્રિષ્ના કોમ્પલેક્ષ, હોસ્પિટલ રોડ, પોરબંદર Khabar Jagat khabarporbandar@gmail.com


# સુદામા ડેરી દ્વારા પશુપાલકોને દૂધમાં ભાવ વધારો

ખબરપત્રી
પોરબંદર

પોરબંદરની જાણીતી સુદામા ડેરીનો ૧૧મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરાયું છે. પોરબંદર દુધ સંઘનાં ટર્ન ઓવરમાં ૧૩.૮૮ ટકાના વધારા સાથે ૫૭૧ કરોડનું ટર્ન ઓવર થયેલ છે. પશુપાલકોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ૨૧-૯-૨૦૨૩થી દુધનો કિલો ફેટે રૂા.૧૫નો વધારો કરવાની જાહેરાત કરતાં પશુપાલકોમાં ખુશી જોવા મળી રહી છે.

શ્રી પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,ની વર્ષ ૨૦૨૨-૨૩ની ૧૧મી વાર્ષિક સાધારણ સભા તા.૧૨/૦૯/૨૦૨૩ના રોજ હોટલ લોર્ડસ ખાતે મળેલ. જેમાં પોરબંદર દૂધ સંઘના ચેરમેન ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા, વાઈસ ચેરમેન ભરતભાઈ ભીમાભાઈ બોખીરીયા સંઘના મેનેજીંગ ડિરેકટર ભરતભાઈ પુછડીયા, નિયામક મંડળના સભ્યો અને દૂધ સંઘની દૂધ મંડળીના પ્રમુખ તથા મંત્રીઓ હાજર રહયા હતા. જેમાં વર્ષ ૨૦૨૨-૨૩નાં પોરબંદર દૂધ સંઘના વાર્ષિક હિસાબો, દૂધ સંઘ દ્વારા હાથ ધરવાના



દુધ સંઘનાં ટર્ન ઓવરમાં ૧૩.૮૮ ટકાનાં વધારા સાથે ૫૭૧ કરોડનું ટર્નઓવર : ૨૧ સપ્ટેમ્બરથી દુધનો કિલો ફેટે રૂા.૧૫ના વધારાની ૧૧મી વાર્ષિક સાધારણ સભામાં જાહેરાત

ભાવી કાર્યક્રમ વિશે ચર્ચા કરવામાં આવેલ. દૂધ સંઘના મેનેજીંગ ડિરેકટર દ્વારા પોરબંદર દૂધ સંઘના ટર્નઓવરમાં ૧૩.૮૮%ના વધારા સાથે રૂા.૫૭૧ કરોડનું ટર્નઓવર થયેલ છે.

તેમજ દૂધના ગત વર્ષે રૂા.૬ ૬૭ પ્રતિ કિલો ફેટ સામે ચાલુ વર્ષે સરેરાશ રૂા.૭૫૪ પ્રતિ કિલો ફેટ ભાવ ચૂકવવામાં આવેલ જે ગતવર્ષની સરખામણીમાં સરેરાશ રૂા.૮૭/- પ્રતિ કિલો ફેટ ભાવ વધારે પશુપાલકોને ચૂકવવામાં આવેલ છે. તેમજ ગત વર્ષે નવો સ્વીટસ પ્લાન્ટથી સુદામા ડેરી અને અમુલ બ્રાન્ડ હેઠળ સ્વીટસનું વેંચાણ કરવામાં આવેલ છે. તેમજ પોરબંદર દૂધ સંઘના મેનેજીંગ ડિરેક્ટરશ્રી અને વેટરનરી ડોકટર દ્વારા પશુને આપવામાં આવતા આહાર અને અમુલ દાણના ફાયદા વિશે દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. આ ઉપરાંત દૂધ સંઘના ચેરમેનશ્રી અને ખેડુત એવા ભરતભાઈ જીવાભાઈ ઓડેદરા દ્વારા વરસાદ ખેંચાવાના કારણે પશુપાલકોને વધુ પોષણક્ષમ દૂધના ભાવ મળી રહે તે માટે તા.૨૧/૦૯/૨૦૨૩થી દૂધના કિલો ફેટે રૂા.૧૫/-નો વધારો કરવાની જાહેરાત કરવામાં આવેલ છે.


## શ્રીજી આઈ & ડેન્ટલ હોસ્પિટલ



મોતીયો, ઝામર, વેલ ના ઓપરેશન ના નિષ્ણાંત
ચશ્માના નંબર ઉતારવા માટે LASIK ઓપરેશનની સુવિધા

ડો. નિખિલ રૂપારેલીયા
M.B.B.S., M. S. (Ophthalmologist)
(આંખના સર્જન)

:: સવારે ::
૯:૦૦ થી ૧:૦૦
:: સાંજે ::
૫:૦૦ થી ૮:૩૦
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક

દાંતનું નિદાન (ચેકઅપ)
દાંતનો એક્સ-રે
દાંતના ઈમ્પ્લાન્ટની સારવાર
પાયોરીયાની સારવાર
તથા બાળકોના દાંતને લગતા તમામ રોગોની સારવાર



ડો. હિનલ ઠક્કર રૂપારેલીયા
B.D.S., M.D.S (Pediatric Dentist)
(પોરબંદરમાં બાળકોના દાંતના એકમાત્ર સ્પેશીયાલીસ્ટ)

એપોઈન્ટમેન્ટ માટે મો. 8749874950 / E-mail : nikhil.rupareliya@gmail.com
અક્ષર ઈમેજીંગ સેન્ટરની બાજુમાં, રીલાયન્સ સ્માર્ટ બજાર તથા વાડીયા ગેરેજ સામે, છાયા ચોકી, પોરબંદર